INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા.૩૧-૧૦-૨૦૨૫**

- **ભાજપની ડબલ એન્જિન સરકારની ખેડૂત વિરોધી નીતિને કારણે ખેડૂતો બરબાદ થઈ ગયા : શ્રી અમિત ચાવડા**
- **સરકાર ખેડૂતો માટે તાત્કાલિક સ્પેશિયલ પેકેજ જાહેર કરે, દેવા માફ કરે, પાકવીમાં યોજના લાગુ કરે : શ્રી અમિત ચાવડા**
- **ગુજરાત કોંગ્રેસ દ્વારા તા. ૬ નવેમ્બરના રોજ સોમનાથથી ખેડૂત આક્રોશ યાત્રાનું પ્રસ્થાન કરાશે.**
- **ખેડૂત આક્રોશ યાત્રા સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાને આવરીને તા. ૧૩મી નવેમ્બરના રોજ દ્વારકા ખાતે સમાપન થશે.**

આજે સરદાર વલ્લભભાઈ પટેલ ની ૧૫૦ મી જન્મ જ્યંતી છે, ત્યારે સરદાર સાહેબને શત શત નમન કરીને ખેડૂત-ખેતમજદૂર માટે સરદાર સાહેબના સંદેશને યાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખેડૂતો ના યોગદાનને કોઈ અવગણી શકે નહિ, ખેડૂત પર દુઃખ આવે તો આખો દેશ દુઃખી થાય, અત્યારે આખા રાજ્ય ના ખેડૂતો દુઃખી છે, કમોસમી વરસાદ થી ખેતર માં પાક બળી ગયો, ખુબ નુકસાન થયું, ભાજપ ની ૩ દાયકા થી સત્તા છે તેમ છતાં ખેડૂતો માટે કોઈ કાયદા લાવ્યા નથી, ભાજપ ની B ટિમ રહી છે તે પણ ખેડૂત વિરોધી છે, કેન્દ્રની ભાજપ સરકારે ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા લાવ્યા હતાં. જેની સામે સંસદ થી સડક સુધી જનનાયક શ્રી રાહુલ ગાંધીએ અને ખેડૂત સંગઠનોએ વ્યાપક વિરોધ કરી ૩ કાયદા રદ્ કરાવ્યા, ગુજરાતના ખેડૂતોને જે નુકસાન થયું છે તે અંગે સરકાર જલ્દી વિચારે, બિયારણ ના અછત છે તો એની વ્યવસ્થા કરવામાં આવે, ખોટી જમીન માપણી રદ્ કરવામાં આવે, જમીન સંપાદન ના નામે ખેડૂતો સાથે અત્યાચાર કરવામાં આવે છે તે બંધ કરવામાં આવે, ખેડૂતો માટે સહાય ની જાહેરાત કરવામાં આવે, ભાજપ સરકાર ખોટી જાહેરાતો કરે છે, મંત્રીઓ ફોટો સેશન કરે છે ત્યારે કોંગ્રેસ પક્ષ ખેડૂતોની માંગણીઓ સાથે ૧લી નવેમ્બર થી ૫ નવેમ્બર સુધી તાલુકા કક્ષાએ ધરણા-પદયાત્રા-આવેદનપત્ર આપશે. તા. ૬ તમામ જિલ્લામાં ખેડૂતો ભેગા થઈ ધરણા પદયાત્રા સ્વરૂપે કલેક્ટર કચેરીઓને ઘેરાવ કરવામાં આવશે, ગુજરાત કોંગ્રેસ દ્વારા ખેડૂતોના ન્યાય માટે ખેડૂત આક્રોશ યાત્રા ૬ નવેમ્બરથી સોમનાથ થી શરૂઆત કરવામાં આવશે જે ૧૩ નવેમ્બરના રોજ દ્વારકા ખાતે યાત્રાનું સમાપન કરવામાં આવશે. ખેડૂત આક્રોશ યાત્રા સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લામાંથી પસાર થશે.

અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ ખેડૂત આક્રોશ યાત્રા અંગે વિગતો સાથે જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત અને ખેતી પાયમાલ થઈ રહ્યાં છે. કુદરતી આફતોનો સતત માર પડી રહ્યો છે અને બીજી બાજુ ભાજપ સરકાર સતત ખેડૂત વિરોધી નિતિના કારણે ગુજરાતના ખેડૂતોને બેવડો માર પડી રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષ ગુજરાતમાં ખેડૂત આક્રોશ યાત્રા દ્વારા ખેડૂતોની માંગ સાથે ન્યાય માટે લડત આપશે.

ખેડૂત આક્રોશ યાત્રા અંગે યોજાયેલ વિશેષ પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને સોશીયલ મીડીયાના ચેરમેનશ્રી ભૂમન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા